અનલોક-૨: ગુજરાતમાં દુકાનો રાત્રે ૮ અને રેસ્ટોરાં ૯ વાગ્યા સુધી ખુલ્લાં રાખી શકાશે



અમદાવાદ : ગુજરાત સરકારે જાહેર કરેલા અનલૉક-૨ માટેના નિયમો હેઠળ કન્ટેઈનમેન્ટ અને માઈક્રોકન્ટેઈનમેન્ટ ઝોનની બહાર દુકાનો રાતના આઠ વાગ્યા સુધી અને રેસ્ટોરાં રાતના નવ વાગ્યા સુધી ખુલ્લી રાખવાની છૂટ આપવામાં આવી છે.

બીજી તરફ કેન્દ્રના આરોગ્ય અને પરિવાર કલ્યાણ ખાતા તરફથી બહાર પાડવામાં આવનારી અનુસરીને કન્ટેઈનમેન્ટ અને માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવાનું ચાલુ રાખવામાં આવશે. કન્ટેઈનમેન્ટ કે માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનમાં માત્ર આવશ્યક સેવાઓ જ ચાલુ રાખવામાં આવશે.

જાહેરમાં, બસમાં કે અન્ય કોઈ સ્થળે માસ્ક પહેર્યા વિના જ ફરનારા નાગરિકોને રૂા. ૨૦૦નો દંડ કરવામાં આવશે. જાહેરમાં થૂંકનાર વ્યક્તિને પણ રૂા. ૨૦૦નો દંડ કરવામાં આવશે. ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં આપવામાં આવેલી વિગતો મુજબ જે તે જિલ્લાના કલેક્ટર કચેરીની વેબસાઈટ પર જ કન્ટેઈનમેન્ટ અને માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનની વિગતો સતત અપડેટ કરવામાં આવશે.

જોકે જે કામદાર, કર્મચારી, વર્કર, દુકાન માલિકનું ઘર કન્ટેઈમેન્ટ ઝોનમાં આવતું હશે તેમને તેમના વિસ્તારમાંથી બહાર નીકળવાની છૂટ આપવામાં આવશે નહિ. શેરીમાં ફરીને શાકભાજી વેચનારાઓએ પણ અગાઉથી નિશ્ચિત કરેલા નિયમનું પાલન કરવું પડશે.

ઓટો રિક્ષામાં ડ્રાઈવર તેના ઉપરાંત બે જ પેસેન્જરને બેસાડી શકશે. બેથી વધુ પેસેન્જર બેસાડવા ગુનો ગણાશે. તેમ જ શેરે રિક્ષા ચાલી શકશે નહિ. આ જ રીતે ટેક્સિમાં પણ ડ્રાઈવર ઉપરાંત બે પેસેન્જરને જ બેસાડી શકાશે. છ પેસેન્જરથી વધુને બેસાડવાની જગ્યા ધરાવતા વાહનોમાં ડ્રાઈવર ઉપરાંત ત્રણ પેસેન્જરને બેસાડવાની છૂટ આપવામાં આવી છે. ટુ વ્હિલર પર ડ્રાઈવર વત્તા એક વ્યક્તિ સવારી કરી શકશે.

ખાનગી ઑફિસો ચાલુ કરવાની છૂટ આપવામાં આવી છે. તેમાં સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમનું પાલન થવું ફરજિયાત છે. જોકે ખાનગી ઑફિસો પણ વર્ક ફ્રોમ હોમને વધુને વધુ પ્રોત્સાહન આપે તેવી સરકારની ઈચ્છા છે. બીજીતરફ બૅન્કો અને સરકારી કચેરીઓ ચાલુ કરી દેવાની સંપૂર્ણ છૂટ આપી દેવામાં આવી છે.

આ સાથે જ સરકારે રમતગમત માટેના સ્ટેડિયમ ચાલુ કરવાની છૂટ આપી દીધી છે. જોકે આ મેદાનમાં મોટી સંક્યામાં લોકોને હાજર રહેવાની છૂટ ન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ સ્ટેડિયમમાં કોઈ રમત રમાતી હોય તો તેના પ્રસારણ કરવા પર કોઈ જ પ્રતિબંધ રાખવામાં આવશે નહિ.

ગુજરાત સરકારે બહાર પાડેલા જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે તમામ શૈક્ષણિક, તાલીમ, સંશોધન, કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ ચાલુ કરવાની છૂટ આપવામાં આવી નથી. તેમને ઓનલાઈન કે ડિસ્ટન્સ લર્નિંગની સિસ્ટમ હેઠળ સક્રિય રહેવાની છૂટ આપવામાં આવી છે. જોકે સિનેમા હોલ, જિમ્નેશિયમ, સ્વિમિંગ પુલ, મનોરંજન પાર્ક, થિયેટર, બાર, ઓડિટોરિયમ, એસેમ્બ્લી હોલ અને તેના જેવા અન્ય સ્થાનો ચાલુ કરવા દેવાની છૂટ આપવામાં આવશે નહિ.

સામાજિક, રાજકીય, રમતગમત, મનોરંજન, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને મોટી માનવ મેદની એકત્રિત કરતાં કોઈપણ સમારોહ કરવાની છૂટ આપવામાં આવશે નહિ. કોઈનું મૃત્યુ થાય તો તેવા સંજોગોમાં વધુમાં વધુ ૨૦ જણને એકત્રિત થવાની છૂટ આપવામાં આવશે. હોટેલ અને આતિથ્ય સત્કાર માટેની અન્ય સેવાઓ, રેસ્ટોરાં, શોપિંગ મોલ આઠમી જૂને બહાર પાડેલી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર પ્રમાણે ચલાવી શકાશે.

સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોનું પાલન કરવાની શરતે તમામ ધર્મસ્થાનકો ચાલુ કરવાની છૂટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ધર્મસ્થાનકોમાં કોઈ જ મોટા સમારોહ કરવાની છૂટ મળશે નહિ. મોટી માનવ મેદની એકત્રિત કરી શકાશે નહિ. આઠમી જૂનથી આ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર જાહેર કરવામાં આવેલી જ છે. તેને જ અનુસરવાની રહેશે. લાઈબ્રેરીઓ માત્ર ૬૦ ટકા ક્ષમતાએ ચાલુ કરવાની છૂટ આપવામાં આવી છે. સ્ટાફ અને તેમાં બેસનારાઓની કુલ ક્ષમતાના ૬૦ ટકા લોકોને જ પ્રવેશ આપવાની શરતે લાઈબ્રેરી ચાલુ કરવા દેવામાં આવશે.

૫૦ ટકા પેસેન્જર સાથે કન્ટેઈન્ટમેન્ટ ઝોન બહાર જી બસ સેવા

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહનની બસ સેવાઓ સમગ્ર રાજ્યમાં ચાલુ કરી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેરમાં અગાઉ નિશ્ચિત કરેલા ડેપો પરથી જ જીએસઆરટીસીની બેસ સેવાઓ ચલાવવામાં આવશે. જીએસઆરટીસીની બસમાં પેસેન્જર બેસાડવાની ક્ષમતાના માત્ર ૬૦ ટકા પેસેન્જરને લઈ જવાની છૂટ આપવામાં આવી છે. આ જ રીતે શહેરની બસ સેવાઓ પણ ચાલુ કરી દેવાની છૂટ આપવામાં આવી છે. અમદાવાદ અને સુરતમાં બસ સેવા ચાલશે. પરંતુ બસમાં કુલ પેસેન્જરના બેસવાની જગ્યામાંથી ૫૦ ટકા જગ્યા જ ભરીને વાહનો ચલાવવાની છૂટ આપવામાં આવી છે. અમદાવાદ અને સુરતમાં કન્ટેઈનમેન્ટ ઝોનની બહાર જ આ બસ સેવાઓ ચલાવવામાં આવશે. કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં તમામ બસને તેની કુલ ક્ષમતાના ૬૦ ટકા પેસેન્જર વહન કરવાની છૂટ સાથે બસ સેવા ચાલુ કરવાની છૂટ આપવામાં આવી છે. ખાનગી બસ સેવા ચાલુ કરવાની પણ છૂટ આપવામાં આવી છે.

વિદ્યાનગરમાં પ્રથમ દિવસે ૯૪.૭૫ ટકા અનુસ્નાતકના વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી

આણંદ, વલ્લભવિદ્યાનગર સ્થિત સ.પ.યુનિ. દ્વારા અનુસ્નાતકની પરીક્ષાઓ ૨૯ જૂન,૨૦૨૦થી યોજાનાર હોવાનો કાર્યક્રમ અગાઉ જાહેર કર્યો હતો. રાજયની અન્ય યુનિ.ઓ દ્વારા પરીક્ષાઓ મોકૂફ રાખ્યાની જાહેરાત સામે સ.પ.યુનિ. દ્વારા પરીક્ષા લેવાના આયોજન સામે વિદ્યાર્થી સંગઠનો દ્વારા ભારે વિરોધ પણ નોંધાયો હતો. જો કે આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને કોરોના ગાઇડલાઈનના ચુસ્ત આયોજન વચ્ચે અનુસ્નાતક પરીક્ષાનો પ્રારંભ થયો હતો. સ.પ.યુનિ. દ્વારા જ્ઞાનોદય ભવન, આણંદ હોમિયોપેથી કોલેજ, કે.એમ. પટેલ ફિઝિયોથેરાપી કોલેજ-કરમસદ અને યુનિ.ના એમ.બી.એ. ડિપાર્ટમેન્ટમાં પરીક્ષા લેવામાં આવી હતી. પરીક્ષા સ્થળે પહોંચનાર વિદ્યાર્થીઓનું સેનેટાઇઝીગ, થર્મલ ગનથી શરીરના ઉષ્ણતામાન અને ઓક્ઝીમીટર દ્વારા શરીરમાં ઓકિસજનનું પ્રમાણ સહિતની મેડિકલ તપાસ કરવામાં આવી હતી. ત્યારબાદ પરીક્ષાખંડમાં સોશિયલ ડિસ્ટન્સથી ગોઠવાયેલ નંબર મુજબ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. બીજી તરફ પરીક્ષાખંડમાં સુપરવાઇઝર સહિતના સ્ટાફે હેન્ડ ગ્લોઝ સહિતના નિયમપાલન સાથે પરીક્ષાના સમય દરમ્યાન ફરજ બજાવી હતી. ઉલ્લેખનીય છે કે આજે અનુસ્નાતકકક્ષાની પરીક્ષાઓમાં ઇતિહાસ, સંસ્કૃત, પોલિટિકલ સાયન્સ, ફિઝિયોલોજી, લોજીક એન્ડ ફીલોશોપી તથા એમ.ફીલમાં સંસ્કૃત અને પોલિટિકલ સાયન્સની પરીક્ષા લેવામાં આવી હતી. તમામ વિખયોમાં થઇને કુલ ૪૫૭ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી ૪૩૩ હાજર અને ૨૪ ગેરહાજર નોંધાયા હતા. આમ, કુલ ૯૪.૭૫ ટકા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. પરીક્ષા દરમ્યાન ગેરરીતિનો કોઇ કેસ નોંધાયો ન હતો. યુનિ. સૂત્રોના જણાવ્યાનુસાર જામનગર તરફના અને અન્ય રાજયના પરીક્ષાર્થીઓ આવ્યા ન હતા. આજે પરીક્ષા સ્થળોએ આણંદ, ખેડા જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લામાંથી પણ પરીક્ષાર્થીઓ વાહન દ્વારા આવ્યા હતા. જેમાં કેટલાક પરિવાર પોતાના પાલ્યને કારમાં લઇને આવ્યા હતા. પરીક્ષા પૂર્ણ થયા બાદ તેઓ પરત ફર્યા હતા. આથી આજે પરીક્ષાર્થીઓની સાથોસાથ તેમના માતા,પિતા, ભાઇ, બહેનની હાજરી પણ જોવા મળી હતી. બીજી તરફ પરીક્ષાખંડમાં સુપરવાઇઝર સહિતના સ્ટાફે હેન્ડ ગ્લોવ્ઝ સહિતના નિયમપાલન સાથે પરીક્ષાના સમય દરમ્યાન ફરજ બજાવી હતી.

બાવળાની બેંક ઓફ બરોડાના કર્મચારીએ પત્નીના ખાતામાં ટ્રાંસફર કર્યા ૧.૭૦ કરોડ, ઠગ કર્મચારી ફરાર

અમદાવાદ: અમદાવાદ ના બાવળા ની બેંક ઓફ બરોડા શાખામાં ૧,૬૯,૭૫,૯૦૨/રૂપિયાની ઉચાપતની ફરિયાદ બાવળા પોલીસ સ્ટેશનમા નોંધાઈ છે. ઉલ્લેખનિય છે કે ઉચાપત કરનાર બાવળા બેંક ઓફ બરોડા શાખાનો સ્પેશ્યલ આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતો કર્મચારી જ છે.

બાવળાની બેંક ઓફ બરોડા શાખમાં સ્પેશિયલ આસિસ્ટન્ટે પોતાના તેમજ બેંકના બીજા કર્મચારીઓના આઈડી અને પાસવર્ડનો દુરુપયોગ કરીને ગ્રાહકોના ખાતાની એફડી તોડીને અને ગ્રાહકોના બચત ખાતાના બેલેન્સમાંથી ૧,૬૯,૭૫,૯૦૨ તેની પત્નીનાં ખાતામાં ટ્રાન્સફર કરી પૈસા ઉપાડી લીધા હતા.

બેન્ક ઓફ બરોડા ની વિજિલન્સ ટિમ ના સર્વેલ્સનમાં ધ્યાને આવ્યું કે ભારતી ચુનારા નામના એકાઉન્ટ મા છેલા ૩ થી ૪ માસમાં મોટી મોટી રકમ વારંવાર જમા થઈ રહી છે. જે શંકાસ્પદ લાગતા બેન્ક એકાઉન્ટની વિગતો તપાસવામાં આવી અને એ એકાઉન્ટ બેન્કના જ કર્મચારી કિરણ ચુનારાની પત્નીનું સામે આવતા વધુ શંકા જતા તપાસ કરવામાં આવી હતી.

અમદાવાદ બેંક ઓફ બરોડાની વિજિલન્સ ડિપાર્ટમેન્ટ ખાતે રિજિઓનલ મેનેજરે બાવળા પોલીસમાં ફરિયાદ નોંધાવતાની સાથે જ આરોપી કિરણ ચુનારા ફરાર થઈ ગયો છે. ત્યારે બાવળા પોલીસે આરોપી ની શોધખોળ શરૂ કરી વધુ તપાસ શરૂ કરી છે અમદાવાદ ના બાવળા ની બેંક ઓફ બરોડા શાખામાં ૧,૬૯,૭૫,૯૦૨/રૂપિયાની ઉચાપતની ફરિયાદ બાવળા પોલીસ સ્ટેશનમા નોંધાઈ છે.

ઉ. ગુ. માં વરસાદની રિ-એન્ટ્રી, ખેડૂતો ખૂશ

મહેસાણા, ૧૫ દિવસના વિરામ બાદ મંગળવારે વહેલી સવારે ઉત્તર ગુજરાતમાં મહેસાણા, બહુચરાજી, મોડાસા, હિંમતનગર સહિત વિવિધ વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયા બાદ ગાજવીજ સાથે વરસાદે ધમાકેદાર રી-એન્ટ્રી કરી હતી અને એવરેજ દોઢેક ઈંચ જેટલો વરસાદ મોટાભાગના સ્થળોએ નોંધાતાં ખેડૂતોમાં રાહતની લાગણી ફેલાઈ છે. બે દિવસથી ખૂબ જ ગરમી અને ઉકળાટભર્યા વાતાવરણ વચ્ચે મંગળવારે સવારે ઉત્તર ગુજરાતના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો, ભારે પવન ફૂંકાયા બાદ કેટલાક વિસ્તારોમાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. જેમાં મહેસાણા જિલ્લાના બહુચરાજીમાં ૪૦ મિમિ, મહેસાણામાં ૩૬ મિમિ, વિજાપુરમાં ૧૩ મિમિ, વિસનગરમાં ૧૧ મિમિ સહિત જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ થોડોઘણો વરસાદ નોંધાયો હતો. અરવલ્લી જિલ્લામાં પણ મોડાસા શહેરમાં ૪૪ મિમિ, માલપુરમાં ૨૩ મિમિ, મેઘરજમાં ૧૦ મિમિ અને ધનસુરામાં ૯ મિમિ જેટલો નોંધપાત્ર વરસાદ થયો હતો. જેમાં મોડાસા શહેરમાં વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ ઉપરાંત મેઘરજના ઓઢા ગામે ઝાડ પર વીજળી પડતાં સળગી ગયું હતું. સાબરકાંઠામાં હિંમતનગરમાં ૨૦ મિમિ, પ્રાંતિજમાં ૧૧ મિમિ, તલોદમાં ૯ મિમિ જેટલો વરસાદ નોંધાયો હતો. તલોદ પંથકમાં વાવાઝોડાના કારણે વૃક્ષ તૂટી પડ્યું હતું. કેટલાક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો તો કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં લોકો ત્રસ્ત થયા હતા. જો કે, વાવેતર કર્યું હોય તેવા ખેડૂતો વરસાદની રાહ જોઈ રહ્યા હતા ત્યારે વરસાદ પડતાં ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી હતી. બે દિવસથી ખૂબ જ ગરમી અને ઉકળાટભર્યા વાતાવરણ વચ્ચે મંગળવારે સવારે ઉત્તર ગુજરાતના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો, ભારે પવન ફૂંકાયા બાદ કેટલાક વિસ્તારોમાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો.

homefirst We'll take you home

હોમ ફર્સ્ટ ફાયનાન્સ કંપની ઈન્ડિયા લિમીટેડ.

સીઆઈએન : U65990MH2010PTC240703, વેબસાઈટ: homefirstindia.com
ફોન નં.: 180030008425 | ઈમેલ : loanfirst@homefirstindia.com

હરાજીની તારીખ/સમય ૦૩/૦૮/૨૦૨૦ સમય સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ સુધી વધારાના ૫ મિનિટના સમયગાળા સાથે
ઈ.એમ.ડી. અને દસ્તાવેજ જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય (ઓનલાઈન અને હાર્ડ કોપી તા. ૦૧/૦૮/૨૦૨૦ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી),

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમિન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના નં.૫૪) મુજબ 'હોમ ફર્સ્ટ પાસે સ્થાવર અને જંગમ મિલકતો ગિરવે મૂકેલ છે. જેમાં, **હોમ ફર્સ્ટ ફાઈનાન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ** (હોમ ફર્સ્ટ તરીકે ઓળખાય છે) ના તા. **૨૭/૦૬/૨૦૨૦** ના રોજ કલમ ૧૩(૨) લેણા ભરપાઈ કરવામાં કરેલ કસૂરથી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમિન્ટ) નિયમો, ૨૦૦૨ સાથે વેચાણ લેતા એ મિલકતને **"જ્યાં છે જેમ છે અને જે છે તે છે"** આધારે વેચાણ નીચે સહી કરનાર દ્વારા વેબ પોર્ટલ **(https://sarfaesi.auctiontiger.net).** પર આપેલ ઈ-હરાજી પ્લેટફોર્મ પર વેચાણ કરવામાં આવશે. **બીડ વધારવાની રકમ રૂ.૧૦,૦૦૦/- છે.**

ખાતા/જામીનદારનું નામ	સ્થાવર મિલ્કતોનું વર્ણન / મિલ્કતના માલિક	બાકી રકમ ડીમાન્ડ નોટીસ તારીખ	અમાનત કિંમત (રૂા.) / અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) (રૂા)	ઓનસાઈટ મિલ્કત ઈન્સ્પેક્શનની તારીખ અને સમય	ઈએમડી (રૂા.)અને કેવાયસી જમા કરાવવાની છેલ્લી તારીખ	ઈહરાજી ની તારીખ અને સમય
કરજદાર : ધર્મેન્દ્રસિંહ સોલંકી અને સંગીતા સોલંકી	ફ્લેટ નંબર ૧૫૦, અંદાજીત ૧૩૮ સ્કે. યાર્ડ એટલે કે ૧૧૨ ચો.મી. , બિલ્ડિંગ એ, વિશ્વા પાર્ક, મોવેવાલાના, રામપુરા બહુચરાજી શંખેશ્વર રોડ, તા. વિરમગામ, અમદાવાદ - ૩૮૨૧૫૦	રૂા. ૭,૯૫,૩૨૮/- તા. ૦૩/૦૨/૨૦૨૦ સુધીનું વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓ	રૂા. ૧૦,૬૭,૬૦૦/-	૦૩/૦૭/૨૦૨૦ થી ૧૭/૦૭/૨૦૨૦ સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી (અધિકૃત અધિકારી) ચંદનસીંગ ચરણ ફોન ૮૪૦૧૫૬૧૫૯૭)	૦૧/૦૮/૨૦૨૦ સાંજે ૫-૦૦ વાગ્યા સુધી	૦૩/૦૮/૨૦૨૦ સવારે - ૧૧ થી બપોરે - ૨ સુધી વધારાના ૫ મિનિટના સમયગાળા સાથે
		૦૩/૦૨/૨૦૨૦	રૂા.૧,૦૬,૭૬૦/- (અનામત ૧૦%)			

ઈ- હરાજી સર્વિસ પ્રોવાઈડર	માહિતી માટે ઈ-હરાજી વેબસાઈટ	ઈએમડી/ અન્ય રકમ ડિપોઝીટ કરવા માટે ખાતા નંબર	શાખા IFSC Code	લાભાર્થીનું નામ
મેસર્સ ઈ- પ્રોકયોરમેન્ટ ટેકનોલોજીસ લિ. - ઓકશન ટાઈગર, શ્રી હાર્દિક ગોસ્વામી (હેડ ઓફીસ) ૦૭૯ ૬૧૨૦૦૫૫૪ /૯૯૭૮૪૩૪૭૭૩ શ્રી આકાશ ખરે (રીજીયનલ ઓઝીક્યુટીવ) ૯૮૩૩૩૯૮૫૪૭ હેલ્પ લાઈન નં. : ૯૬૬૫૫૬૨૮૨૧, - ૦૭૮-૬૮૧૩૬૮૩૦,૮૪૨,૮૮૧,૮૮૦ Mail ID: maharashtra@auctiontiger.net Email : support@auctiontiger.net	http://www.homefirstindia.com https://sarfaesi.auctiontiger.net	912020036268117- હોમ ફર્સ્ટ ફાઈનાન્સ કંપની ઈન્ડિયા લિમીટેડ, એકિસસ બેંક લિ. MIDC,અંધેરી ઈસ્ટ	UTIB0000395	અધિકૃત અધિકારી, હોમ ફર્સ્ટ ફાઈનાન્સ કંપની ઈન્ડિયા લિમીટેડ.

નિયમો અને શરતો: ઈ-હરાજી **"જ્યાં છે જેમ છે અને જે છે તે છે"** આધારે યોજાશે અને "ઓનલાઈન" કરવામાં આવશે. હરાજી બેંકના માન્ય સર્વિસ પ્રોવાઈડર **મે. ઈ-પ્રોકયોરમેન્ટ ટેકનોલોજીસ લિ.-ઓકશન ટાઈગર** દ્વારા વેબ પોર્ટલ **https://sarfaesi.auctiontiger.net,** પર કરવામાં આવશે. ઓનલાઈન ઈ-હરાજી અંગેના બીડ ફોર્મ, ડેકલેરેશન, ઈ-હરાજીના સામાન્ય નિયમો અને શરતો ધરાવતા ઈ-હરાજી ટેન્ડર દસ્તાવેજ પોર્ટલની સાઈટ પર ઉપલબ્ધ છે. અધિકૃત અધિકારીની શ્રેષ્ઠતમ જાણકારી મુજબ કોઈ પણ મિલકત પર કોઈ ભારણ નથી. તેમ છતાં, ઈચ્છક બીડરોએ તેમનું બીડ જમા કરાવતા પહેલાં ભારણ, હરાજીમાં મૂકેલ મિલકત/તોનું ટાઈટલ, મિલકતને અસર કરતા દાવા/અધિકાર/બાકી લેણાં અંગે સ્વતંત્ર રીતે તપાસ કરાવી લેવી. ઈ-હરાજીની જાહેરાત હોમ ફર્સ્ટનું કોઈ પ્રતિનિધિત્વ કે તેનું કોઈ વચન આપવા બંધાયેલ નથી કે બંધાશે નહીં. મિલકતનું વેચાણ તેની પરના હાલના તેમજ ભવિષ્યના તમામ કરબોજ ભલે તે હોમ ફર્સ્ટને જાણ્યા-અજાણ્યા હોય તે તમામની સાથે થશે. અધિકૃત અધિકારી/સિક્યોર્ડ લેણદાર ક્યારેય અને કોઈ પણ રીતે ત્રીજા પક્ષના દાવા/અધિકારી/બાકી લેણા અંગે જવાબદાર રહેશે નહીં. વેચાણ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ દર્શાવેલ નિયમો/શરતોને આધીન થશે. ઈ-હરાજીના અન્ય નિયમો અને શરતો નીચેની વેબસાઈટ્સ પર પ્રકાશિત થયેલ છે. ૦૧. **http://www.homefirstindia.com,** ૦૨. **https://sarfaesi.auctiontiger.net,**

સરફેસી એક્ટ ૨૦૦૨ના નિયમ હેઠળ ૩૦ દિવસની વિધીવત વેચાણ નોટિસ

દેવાદારો/જામીનદારોને આ નોટિસ મારફતે ઉપરોક્ત જણાવેલ બાકી લેણાંની રકમ તથા ચડત વ્યાજ અને આનુષંગીક ખર્ચાઓ સાથે જાહેર હરાજીની તારીખ પહેલા ચૂકવવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો ઉપરોક્ત મિલ્કતોની જાહેર હરાજી /વેચાણ કરી બાકી રહેતી રકમ વ્યાજ અને ખર્ચાઓ સાથે વસૂલાત કરવા કાનુની રાહે પગલાં લેવામાં આવશે.

તારીખ : ૦૨.૦૭.૨૦૨૦
સ્થળ : અમદાવાદ

સહી/- અધિકૃત અધિકારી,
હોમ ફર્સ્ટ ફાયનાન્સ કંપની ઈન્ડિયા લિમીટેડ

|| Shree Ganeshaya Namah||

NANDINI TEXCOM (INDIA) LIMITED

CIN: L65910GJ1994PLC021165

Reg. Office: B-304, International Commerce Center, Near Kadiwala School, Ring Road, Surat-395002.

Tel:0261-4004596 Email: nandinitexcom@hotmail.com, website: nandinitex.com

Statement of Profit And Loss
For the year ended 31st March, 2020

(All amounts are in Rupees, unless otherwise stated) (In Lakhs)

Particulars	Quarter Ended			Year Ended	
	31/03/2020 (Audited)	31/12/2019 (Unaudited)	31/03/2019 (Audited)	31/03/2019 (Audited)	31/03/2020 (Audited)
Income :					
Net Income from operations	**1,309.90**	**1,248.60**	**1,321.67**	**4,619.35**	**4,706.33**
Expenditure :					
Cost of Materials Consumed	-	-	-	-	-
Purchases of Stock in Trade	1,347.15	1,167.07	906.84	4,334.77	4,369.61
Changes in inventories of finished goods, WIP and Stock-in-trade	(133.71)	236.50	366.29	60.70	123.83
Employee benefits expense	9.49	4.58	4.35	16.11	23.25
Depreciation and amortization expense	3.85	-	3.58	3.58	3.85
Other expense	44.13	42.07	23.45	138.51	123.87
Total Expenditure	**1,270.91**	**1,531.75**	**1,304.51**	**4,553.67**	**4,644.41**
Profit from Operations before Other Income, Interest & Exceptional Items(1-2)	**38.99**	**23.24**	**17.16**	**65.68**	**61.92**
Other Income	1.94	5.36	-	14.25	7.34
Profit before Interest and Exceptional Items (3+4)	**40.93**	**28.60**	**17.16**	**79.93**	**69.26**
Financial Cost	13.00	6.90	14.09	40.99	34.55
Profit after Interest but before Exceptional Items (5-6)	**27.93**	**21.71**	**3.07**	**38.94**	**34.71**
Exceptional Items	-	-	-	-	-
Profit/(Loss) from Ordinary Activities before Tax (7+8)	**27.93**	**21.71**	**3.07**	**38.94**	**34.71**
Tax expense:					
a. Current Tax	6.69	5.10	-	11.46	8.46
b. Deferred Tax	0.27	-	-	(0.11)	0.27
Total Tax Expenses	**6.96**	**5.10**	**-**	**11.35**	**8.73**
Profit/(Loss) for the period from Ordinary activities after tax (9-10)	**20.97**	**16.60**	**3.07**	**27.59**	25.98
Extraordinary Items	-	-	-	-	-
Net Profit/(Loss) for the period (11-12)	**20.97**	**16.60**	**3.07**	**27.59**	**25.98**
Paid up Equity Share capital (Face value of Rs. 10/- each per share)	50.00	50.00	50.00	50.00	50.00
Earning Per Share					
Before Extraordinary Items					
a. Basic & Diluated EPS	0.10	0.33	0.06	0.55	0.52
After Extraordinary Items					
a. Basic & Diluted EPS	0.10	0.33	0.06	0.55	0.52

Cash Flow Statement
For the year ended 31st March, 2020

(All amounts are in Rupees, unless otherwise stated)

Cash Flows from operating activities	31st March, 2020	31st March, 2019
Profit/(loss) after taxes	**25,98,546**	27,58,973
Adjustments for:		
Depreciation	**3,85,426**	3,57,852
Deffered tax	**27,641**	(11,441)
Excess Provision of Income Tax for Previous Year	**29,744**	-
(Profit)/Loss on sales of Fixed Assets	**(2,08,300)**	-
Operating profit before working capital changes (a)	**28,33,057**	31,05,384
Change in current asset		
Inventories	**1,23,82,767**	60,69,641
Trade receivables	**(54,21,413)**	(72,19,283)
Short-term loans and advances	**(77,63,971)**	18,41,704
	(8,02,617)	6,92,062
Change in Liabilities		
Short term borrowings	**(16,43,764)**	96,21,914
Trade payables	**7,44,243**	(29,81,323)
Other current liabilities	**(2,51,572)**	(53,427)
Short term provisions	**(2,99,094)**	(23,62,023)
	(14,50,187)	42,25,141
Change in working capital (b)	**(22,52,804)**	49,17,203
Cash generated from operations (a + b)	**5,80,253**	80,22,587
Less : Income tax paid (Net tax refund received)	**-**	-
Net cash provided by operating activities (A)	**5,80,253**	**80,22,587**
Cash flows from investing activities		
Purchase of Fixed Asset	**(23,49,282)**	(13,75,255)
Sales of Fixed Assets	**3,54,276**	
Increase/ Decrease in Investment	**-**	-
Net cash used in investing activities (B)	**(19,95,006)**	**(13,75,255)**
Cash flows from financing activities		
Long-term borrowings recevied/(paid) during the year	**14,02,071**	(65,23,042)
Net cash used in financing activities (C)	**14,02,071**	**(65,23,042)**
Net increase/(decrease) in cash and cash equivalents (A + B +C	**(12,682)**	1,24,290
Cash and cash equivalents at beginning of the year	**1,49,684**	25,394
Cash and cash equivalents at end of the year	**1,37,002**	1,49,684
Components of cash and cash equivalents		
Cash and Cheques on hand	1,37,002	1,49,684
Balances with Scheduled Banks in current account	**-**	-
Cash and cash equivalents at end of the year (Note 13)	**1,37,002**	1,49,684

Balance Sheet
As at 31st March, 2020

(All amounts are in Rupees, Unless otherwise stated) (in Lakhs)

EQUITY AND LIABILITIES :	31st March, 2020	31st March, 2019
Shareholder's funds		
Share Capital	**500.01**	500.01
Reserves and Surplus	**209.17**	182.89
Money received against share warrants	**-**	-
Share application money pending allotment	**-**	-
Non- current liabilities		
Long-term borrowings	**41.74**	27.72
Deferred Tax liabilities (Net)	**-**	-
Other Long term liabilities	**-**	-
Long-term Provisions	**-**	-
Current Liabilities		
Short term borrowings	**278.80**	295.24
Trade payables	**54.06**	46.62
Other current liabilities	**2.81**	5.33
Short term provisions	**8.48**	11.47
GRAND TOTAL	**1,095.07**	1,069.28
ASSETS :		
Non-current assets		
Fixed assets		
Tangible assets	**36.67**	18.49
Intangible assets	**-**	-
Capital work-in-progress	**-**	-
Intangible assets under development	**-**	-
Non-current investments	**-**	-
Deferred tax assets (net)	**1.24**	1.52
Long-term loans and advances	**-**	-
Other non-current assets	**-**	-
Current assets		
Current investments	**-**	-
Inventories	**261.15**	384.99
Trade receivables	**523.20**	468.98
Cash and Cash equivalents	**1.37**	1.50
Short-term loans and advances	**271.44**	193.80
Other current assets	**-**	-
GRAND TOTAL	**1,095.07**	1,069.28

Note:

The above is an extract of the detailed format of Standalone Financial Results for Quarter and Year ended March 31, 2020 filed wih th Stock Exchange under Regulation 33 of SE